

## કંબોઇ ચાર રસ્તાથી રાંનેર જવાનો રસ્તો બિસ્માર હાલતમાં ઠેર ઠેર પડેલા ગાબડાં

કાંકરેજ તાલુકાનું છેલ્લું સ્ટેશન ગણાતા રાંનેર જવાના મેઇન રસ્તા પર ખૂબ જ પ્રમામમાં ગાબડાં જોવા મળે છે. અત્યારે ચોમાસાની ઋતુમાં પાણી ભરાઈ જવાથી વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. વળી એકબાજુ ગાંડા બાવળોનાં ઝૂંડ રોડની બન્ને સાઈડોમાં લચી રહ્યાં છે છતાં તેને તંત્ર દ્વારા દૂર કરાયાં નથી તો રોડ પર પડેલાં ગાબડાં અને ગાંડા બાવળો દૂર કરાય તો વાહનચાલકો અને રાહદારીઓને સગવડતા મળી શકે. રાંનેરમાં પી.એચ.સી. કેન્દ્ર આવેલું હોવાથી દર્દીઓનો ઘસારો તેમજ સ્કૂલમાં જતા બાળકોને આવા ખાડા અને બાવળોના ઝૂંડનો સામનો કરી સ્કૂલમાં જવું મુશ્કેલ થઈ પડ્યું છે તો તંત્ર દ્વારા તાત્કાલીત રોડ પરના ખાડા પૂરવામાં આવે અને ગાંડા બાવળોનું કટીંગ કરવામાં આવે તેવી લોકલાગણી સાથે માંગણીઓ ઉઠવા પામી છે. તો તંત્રના અધિકારીશ્રીઓ સ્થળ તપાસ કરી ઘટતું કરે તેવું પ્રજા ઈચ્છી રહી છે. (તસવીર : હેમુભા વાઘેલા, આંકોલી)

# કોંગ્રેસ કર્મચારીઓ પર વરસી પડી સીએટીની જેમ જીએટી બનાવશે

## પાંચમા પગાર પંચની વિસંગતતા દૂર કરી છઠ્ઠા પગાર પંચના સંપૂર્ણ લાભ આપવાની જાહેરાત

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં કોંગ્રેસ સત્તા ઉપર આવશે તો રાજ્યના સેવારત તમામ કર્મચારીઓ અને સેવા નિવૃત્ત કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના સંપૂર્ણ લાભ આપશે. આ સાથે પાંચમા પગાર પંચની વિસંગતતાઓ દૂર કરી ફીક્સ પગાર, પાર્ટટાઈમ તેમજ સહાયકોનું શોષણ બંધ કરી ખાસ પગાર ધોરણ પ્રોવાઈડ કરશે.

ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ના મહત્વના અંશો જાહેર કરતાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે રાજ્યના ૧૦ લાખ સરકારી તેમજ અર્ધ સરકારી અને ૬ લાખ નિવૃત્ત કર્મચારીઓ ઉપરાંત સહાયકોને સન્માનજનક પગાર ધોરણ અપાશે.

વિધાનસભાની ચૂંટણી જીતવા કોંગ્રેસ ત્રીજા તબક્કાની જાહેરાત કરતાં કહ્યું હતું કે કર્મચારીઓની વ્યક્તિગત ફરિયાદોના નિરાકરણ માટે કેન્દ્રની સીએટીના ધોરણે ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલ જીએટીની રચના કરાશે.

વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે એવું પણ જાહેર કર્યું હતું કે કર્મચારીઓની ભરતી ઝડપી અને પારદર્શી બને તે માટે ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ જાહેર સેવા આયોગમાં આમૂલ પરિવર્તન કરાશે. ખાસ કરીને મેળા, ઉત્સવો તેમજ મુખ્યમંત્રીની પ્રસિદ્ધિમાં સરકારી કર્મચારીઓનો ઉપયોગ બંધ કરાશે. નિવૃત્ત કર્મચારીઓ માટે મોટા પ્રવાસ ધામો ઉપર ખાસ વિશ્રામગૃહો બનાવાશે. રહેમરાહે નોકરીનો વિકલ્પ શરૂ કરાશે. મહાનગરપાલિકા તેમજ પાલિકાના કર્મચારીઓ માટે નવું વૈજ્ઞાનિક માળખું રચાશે.

મોઢવાડિયાએ એવો આક્ષેપ કર્યો હતો કે ગુજરાતની હાલની મોદી સરકારે તાતાના નેનો પ્રોજેક્ટ માટે ૩૩,૦૦૦ કરોડ રૂપિયાનું તેમજ એસ્સારને વેરા માફીનું ૯૧૦૦ કરોડનું પેકેજ આપી સરકારી તિજોરી લૂંટાવી છે. કોંગ્રેસ સરકાર સરકારી તિજોરી લૂંટાવશે નહીં.

કોંગ્રેસના સિનિયર નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે કર્મચારી વર્ગની નિવૃત્તિના કારણે ૧૦ વર્ષમાં ૮૦હજાર કર્મચારીઓની ઘટ છે છતાં મોદી સરકાર હયાત કર્મચારીઓનો ઉપયોગ ઉત્સવોની ઉજવણી માટે કરે છે તેથી સરકારી કામગીરી ઉપર વિપરિત અસર થઈ છે. કોંગ્રેસ સરકાર કર્મચારીઓનો રાજકીય ઉપયોગ બંધ કરશે.

# સાબરકાંઠા જિલ્લામાં ધીમીગતિએ વરસાદ

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં વરસાદનો ચોથો રાઉન્ડ શરૂ થતાં ખેડૂતો સહિત લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. સમગ્ર જિલ્લામાં ૧૩ તાલુકામાં ધીમી ગતિનો વરસાદ શરૂ થતાં ખેડૂતો માટે કાચુ સોનુ વરસી રહ્યું છે.

સમગ્ર જિલ્લાના ધરતીપુત્રોને એક માસથી વધુ સમય સુધી લાંબી રાહ જોવડાવ્યા બાદ જાણે કે કપરી કસોટી કર્યા બાદ મેઘરાજાએ જિલ્લામાં હેત વરસાવતાં છેલ્લા ત્રણ દિવસથી ધીમીગતિએ રીતસર કાચુ સોનું વરસાવતાં ખેતીને જીવતદાન મળતાં ખેડૂતોમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે.

સાબરકાંઠા જિલ્લામાં અષાઢ પછી શ્રાવણ માસ પણ કોરોધાકોર જશે તેવી દહેશત વચ્ચે જન્માષ્ટમીના પર્વો જાણે મેઘરાજાએ રીસામણાં છોડી જિલ્લાની ધરતી પર હેત વરસાવ્યા બાદ આ વર્ષે હવે શું થશે કદાચ દુષ્કાળ પડશે તેવી લોકોમાં ભિતિ સર્જાઈ હતી અને સરકારે પણ તૈયારીઓ આદરી દીધી હતી. ત્યાં વળી જાણે મેઘરાજા સૌની આકરી કસોટી કરતા હોય તેમ લાંબો સમય રાહ જોવડાવી છેવટે છેલ્લા ત્રણ દિવસથી જિલ્લાભરમાં વરસીને સૌને હૈયે ટાઢક વાળી છે. મેઘરાજાએ સુંદર મહેર કરતાં ખેતી પુનઃ નવપલ્લવિત બની છે. કેટલાક વિસ્તારોમાં કઠોળ અને મકાઈ નિષ્ફળ ગયાનું પણ ખેડૂતો કહી રહ્યા છે. પરંતુ કપાસ સહિતના પાકોને જીવતદાન મળ્યું છે. આમ, જિલ્લામાં પુનઃ સારો વરસાદ પડતાં જિલ્લાભરમાં સૌ કોઈમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

## સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે વડગામ મુકામે બે દિવસ સુધી શાનદાર કાર્યક્રમો યોજાશે

પાલનપુર, તા. ૧૩

સ્વતંત્રતા દિવસની ઉજવણી -સંગે બનાસકાંઠા જિલ્લાના વડગામ મુકામે બે દિવસ શાનદાર કાર્યક્રમો યોજાશે. વડગામ મુકામે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા કરવામાં આવી રહી છે. વડગામ ખાતે યોજાનાર આ મહાઉત્સવથી વડગામમાં દેશભક્તિનો ભવ્ય માહોલ જામ્યો છે.

તા.૧૪ ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય મહાપર્વની પૂર્વ સંધ્યાએ સાંજે ૧૮ કલાકે વડગામ મામલતદાર કચેરી ખાતેથી સામાજીક ન્યાય અને અધિકારીતા તથા રમત-ગમત, યુવા સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા મશાલ રેલીને લીલી ઝંડી આપી -સ્થાન કરાવશે. ત્યારબાદ સાંજે ૧૯ કલાકે શ્રી વી.જે. પટેલ હાઈસ્કુલ વડગામ ખાતે ભવ્ય રંગારંગ કાર્યક્રમો ગુજરાતની -સિધ્ધ લોકગાયીકા ફરીદા મીર, નામાંકિત કલાકરો ઈન્દીરા શ્રીમાળી, ધનસુખ ગઢવી, ગોપાલ બારોટ તથા જિલ્લાની જુદી જુદી શાળાના બાળકો ધ્વારા રજુ કરવામાં આવશે.

તા. ૧૫ મી ઓગષ્ટ સ્વતંત્રતા દિવસના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, વડગામ ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા તથા રમત-ગમત, યુવા સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી -સંગે બે દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અને આ રાષ્ટ્રીય મહાપર્વના સહભાગી બનવા કલેક્ટર શ્રી જે.બી.વોરા ધ્વારા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શેઠ કે. બી. વકીલ વિ. વિદ્યાલય, રાધનપુરનો રમત-ગમત ક્ષેત્રે શાનદાર દેખાવ

પાટણ, તા. ૧૧

જિલ્લા રમત-ગમત કચેરી, પાટણ દ્વારા આયોજીત શાળાકીય રમતોત્સવનું તાલુકા તથા જિલ્લાકક્ષાએ આયોજન હાથ ધરેલું. તેમાં રાધનપુરની શેઠ કે.બી.વકીલ વિ. વિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનો વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈ શાનદાર દેખાવ કરેલ છે. જેમાં જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા નાલંદા વિદ્યાલય, રાધનપુરના યજમાનપદે યોજાયેલ. તેમાં અંડર-૧૭માં મહેશ્વરી અલકેશ ટી. તથા પાંડે કિષ્ના જી. તેમજ અંડર-૧૯માં ઠક્કર મેહુલ અને તન્ના ટવીન્કલ પી. એ જિલ્લામાં -થમ સ્થાન મેળવી હવે પછી રાજય કક્ષાએ પાટણ જિલ્લાનું -તિનિધિત્વ કરશે.

નાલેદા વિદ્યાલય, રાધનપુરના યજમાનપદે રાધનપુર તાલુકાની વોલીબોલની સ્પર્ધા યોજાયેલ. જેમાં અંડર-૧૭ અને અંડર-૧૯ સ્પર્ધામાં ૬ વિદ્યાર્થી ભાઈઓ અને ૬ વિદ્યાર્થી બહેનો જિલ્લા કક્ષાએ રાધનપુર તાલુકાનું -તિનિધિત્વ કરશે.

જિલ્લા કક્ષાએ યોજાનાર ખો-ખો અંડર-૧૭ અને અંડર-૧૯ સ્પર્ધામાં શાળાના કુલ ૧૭ વિદ્યાર્થીઓ રાધનપુર તાલુકાનું -તિનિધિત્વ કરશે.

કબડ્ડી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ શાળાના કુલ ૬ વિદ્યાર્થીઓ રાધનપુર તાલુકામાંથી પસંદગી પામી તાલુકાનું -તિનિધિત્વ કરશે.

રમત-ગમત ક્ષેત્રે શાનદાર દેખાવ કરવા બદલ રાધનપુર કેળવણી મંડળ, શાળા પરિવાર, આચાર્યશ્રી બી.ડી.ઝાલાએ ખેલાડી ભાઈ-બહેનોને બિરદાવતા આનંદની લાગણી અનુભવે છે. તેમજ રાજય અને જિલ્લાકક્ષાએ વિજેતા બને તે માટે શુભેચ્છા પાઠવી છે.

## મહેસાણા જિલ્લામાં ૧૬૩૦ મી.મી. વરસાદ નોંધાયો

મહેસાણા, તા. ૧૩

મહેસાણા જિલ્લામાં સોમવાર સવારે ૮.૦૦ કલાક સુધીમાં ૧૬૩૦ મિલિ વરસાદ નોંધાયો છે. જેમાં બેચરાજી તાલુકામાં ૬૦ મિમિ, કડી તાલુકામાં ૧૬૨ મિ.મિ., ખેરાલુ તાલુકામાં ૧૪૭ મિ.મિ., મહેસાણા તાલુકામાં ૧૫૪ મિમિ., વડનગર તાલુકામાં ૧૬૫ મિ.મિ. વિજાપુર તાલુકામાં ૩૨૪ મિ.મિ., વિસનગર તાલુકામાં ૧૧૬ મિ.મિ., સતલાસણા તાલુકામાં ૨૯૨ મિ.મિ. અને ઊંઝા તાલુકામાં ૨૧૦ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

## બેરણાની દાઝી ગયેલી પરિણીતાનું સારવાર દરમિયાન મૃત્યુ

હિંમતનગર, તા.૧૩

હિંમતનગર તાલુકાના બેરણા ગામની દાઝી ગયેલી પરિણીતાનું ૧૨ દિવસ બાદ સારવાર દરમિયાન સોમવારના રોજ હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ગાંભોઈ પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો.

હિંમતનગર તાલુકાના બેરણા ગામે રહેતા બે સંતાનોની માતા સોનલબેન જશવંતસિંહ પરમારને છેલ્લા ઘણા સમથી ડાર્ટની બિમારી હતી અને તેની દવા પણ ચાલુ હતી. બિમારીથી કંટાળી ૪૦ વર્ષીય સોનલબેને ૨જી ઓગષ્ટના રોજ પોતાના ઘરે જાતે કેરોસીન છાંટી સળગી ગઈ હતી. ગંભીર રીતે દાઝી ગયેલી પરણીતા સોનલબેનને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ૧૨ દિવસની સારવાર બાદ સોમવારના રોજ તેમનું મૃત્યુ નિપજયું હતું. સિવિલના ડોકટર હસમુખ રાઠોડે પોલીસને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઉત્તર અને મધ્ય ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ

# રાજ્યના કુલ ૧૨૫ તાલુકામાં વરસાદ : હાલોલમાં આઠ ઇંચ

## જેતપુર-પાવી, દાહોદમાં સાત ઇંચ વરસાદ : ૬૫ તાલુકાઓમાં આઠથી બે ઇંચ વરસાદ થયો : ૬૦ તાલુકાઓમાં એકથી અડધો ઇંચ વરસાદ નોંધાયો

અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં વરસી રહેલા વરસાદથી લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. ઉત્તર અને મધ્યગુજરાતમાં સાર્વત્રીક વરસાદ થયો છે. રાજ્યના ૧૨૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં ૬૫ તાલુકાઓમાં આઠથી બે ઈંચ વરસાદ થયો છે. જ્યારે ૬૦ તાલુકાઓમાં એકથી અડધો ઈંચ વરસાદ થયો છે. પંચમહાલ જિલ્લાના હાલોલમાં સૌથી વધુ આઠ ઈંચ જેટલો વરસાદ થયો છે. જ્યારે વડોદરા જિલ્લાના જેતપુર-પાવી અને દાહોદમાં સાત ઈંચ, જાંબુઘોડા, મોરવા હડફમાં છ ઈંચ વરસાદ થયો છે. જ્યારે દેવગઢ બારીય-ગરબાડામાં પાંચ ઈંચ વરસાદ થયો છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. વડોદરા જિલ્લા સંખેડામાં ૧૦૨ મીમી વડોદરામાં ૧૦૨ મીમી, ધોધંબામાં ૧૧૫ મીમી, કડાણામાં ૧૧૧ મીમી, દાહોદ જિલ્લાના લીમખેડામાં ૧૦૬ મીમી મળી કુલ પાંચ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત ધનસુરા, દહેગામ, ગાંધીનગર, સાણંદ, કપડવંજ, કઠલાલ, ખેડા, મહેમદાવાદ, મહુધા, બોરસદ, છોટા ઉદેપુરમાં પણ સારો વરસાદ થયો છે. રાજયમાં છેલ્લા કેટલાક સમયથી ખેંચાઈ રહેલો વરસાદ ગત રાત્રિથી સૌરાષ્ટ્ર-કચ્છને બાદ કરતા સાર્વત્રિકરૂપે રહેમતભર્યો વરસતા પ્રજામાં ખાસ કરીને ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. વરસાદ પડવાને કારણે મુરઝાતી ડાંગર પર રહેમતરૂપી વરસતા ડાંગરના પાકને જીવતદાન મળી ગયું છે. બીજી તરફ વરસાદ પડવાની સાથે સાથે રાજ્યમાં વિવિધ જગ્યાએ દિવાલ ધસી પડવાના તથા વૃક્ષ ધરાશાયી થવાના કિસ્સા પણ નોંધાયા છે ત્યારે આગામી ૨૪ કલાક દરમિયાન હજુ વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. નોંધનીય છે કે સમગ્ર રાજયમાં ચોમેર મેઘાની મહેર જારી રહેવા પામી હતી. પરિણામ સ્વરૂપે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને લોકોને ઉકળાટ સામે રાહતની અનુભૂતિ થવા પામી છે. ગત રાત્રિથી ચોમેર ધીમે ધારે વરસતો વરસાદ ખેડૂતોને લાંબો સમય રાહ દેખાડયા બાદ રાહત અર્પે એવું જણાઈ રહયું છે.રાજ્યમાં પડી રહેલા સાર્વત્રીક વરસાદને કારણે ડાંગરમાં પાક બચવા ઉપરાંત અન્યત્ર પણ ધીમી ધારે વરસાદ પડતા વરસાદી પાણી જમીનમાં ઉતરી રહયા છે જેને લીધે મોડેથી ખેતી કરનાર ખેડૂતોના પાકને જીવતદાન મળ્યું છે. એક ધારે વરસાદ ખેતીને લાભકારી થશે. અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા છે પરંતુ સ્થાનિક તંત્ર અને લોકોએ વૃક્ષોને માર્ગો પરથી દૂર ખસેડયા હતા તેથી લોકોની હાલાકી નીવડી હતી.વરસાદ પડવાને કારણે વિવિધ જગ્યાએ પાણી ભરાઈ જવાના કિસ્સા પણ જોવા મળ્યા હતા. જેના કારણે રાજ્યના વિવિધ હાઈ વે પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. સૌરાષ્ટ્ર પંથકમાં દસાડા, ભાવનગર, ગારિયાધાર, શિહોર, ઉમરાળા તથા વલ્લભીપુરમાં ઝાપટાને બાદ કરતા સમગ્ર પંથક વર્ષા વિહોણું રહયું હતું તેમજ કચ્છડો પણ કોરોધાકોર રહયો હતો. આમ સૌરષ્ટ્ર તથા કચ્છમાં મેઘાના મહેર નહીવત કહેવાય.

## રાધનપુર ખાતે ૬૬મા ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

પાટણ, તા. ૧૩

પાટણ જિલ્લાના રાધનપુર ખાતે આદર્શ વિદ્યાલયમાં આગામી ૧૫મી ઓગસ્ટે યોજાનાર જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્યદિનની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લા કલેકટરશ્રી જે. જી. હિંગરાજીયાના અધ્યક્ષસ્થાને રિહર્સલ કરવામાં આવ્યું હતું.

આગામી જિલ્લા કક્ષાના ૬૬મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫મી ઓગસ્ટ-૨૦૧૨ના રોજ રાધનપુર ખાતે સવારે ૯-૦૦ કલાકે રાજયના મહેસુલ, માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેનના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન થનાર છે.

આ -સંગે સ્વાતંત્ર્ય સેનાનીઓનું બહુમાન, પાટણ જિલ્લાનો વિકાસ દસકો પુસ્તિકાનું વિમોચન તેમજ ૫૦૦ વિદ્યાર્થીઓ સૂર્ય નમસ્કાર કરશે.

આ -સંગે દેશભક્તિના ગીતો, ગરબો, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, આઈ.ઓ.સી., રાધનપુર દ્વારા મોકડ્રીલ અને પોલીસ પરેડ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આ રીહર્સલ કાર્યક્રમ -સંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ.ભરાડા, નિવાસી નાયબ કલેકટરશ્રી ડી.એ.શાહ, -ાંત અધિકારીશ્રી ગામીત, ઉચ્ચ અધિકારીઓ, નાગરિકો, શાળાના બાળકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.


**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન